# સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત જુથનું બંધારણ

(૧) જુથનું નામ :–

સરનામું :–

કાર્યક્ષેત્ર ગામ :–

(૨) હેતુઓ :–

(૧) ગરીબી રેખા હેઠળ કુટુંબો પૈકીની સ્ત્રી / પુરૂષમાં કરકસર યુકત બચતની ટેવ પાડી બચત એકત્ર કરવી.

(૨) જુથના સભ્યો લઘુત્તમ માસિક રૂા. ....................... / – કે તેથી વધારે રકમની બચત કરશે અને જુથના ખાતામાં જમા કરાવશે.

**જુથના સ્વભંડોળ :** બચતની રકમની મહત્તમ ઉપયોગ નાના ઉદ્યોગો ધંધાના અથવા આકસ્મિક વપરાશી ખર્ચ માટે આપી શકશે જેની મર્યાદા વખતોવખત ઠરાવથી નક્કિ કરવામાં આવશે. ધિરાણના હપ્તા, વ્યાજ વસુલાત અને કાર્ય પધ્ધતિની જુથની સામાન્ય સભામાં નક્કિ કરવામાં આવશે. બેંકમાં બીલ લેવા જરૂરી દસ્તાવેજો / કરાર / જવાબદારીઓ જુથ સ્વીકારશે. બેંક મારફતે લીધેલ ધિરાણ હપ્તા બેંકોના નિયમ મુજબ પરત કરવામાં આવશે.

(૪) ગરીબી નિવારણના જુદા – જુદા કાર્યક્રમ અમલીકરણ આ જુથ સ્વીકારી શકશે. વિશેષ કરીને સુવર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના ( એસ.જી.એસ.વાય.) નું અમલીકરણ વિશેષરૂપે કરશે.

(૫) જુથ ગામમાં ગરીબી રેખા હેઠળ જીવતાં કુટુંબોના આર્થિક અને સામાજીક વિકાસ માટેની પ્રવૃત્તિ હાથ ધરશે. આ માટે સરકારશ્રીના સંબંધિત ખાતા અને ધીરાણ સંસ્થા સાથે પરામર્શ કરી વિવિધ યોજનાઓ બનાવી અમલીકરણ કરશે તેમજ ધિરાણ વસુલાતની કામગીરી કરશે.

(૬) જુથના આર્થિક ઉત્થાન માટે સ્થાવર જંગમ મિલ્કત ભાડે રાખવા / ખરીદવા ઉભી કરવા / નીકાલ કરવા સક્ષમ રહેશે.

(૭) ઉત્પાદન કરેલ માલની બજાર વ્યવસ્થા માટે સરકારી / સહકારી / અર્ધ સરકારી અને ખાનગી સંસ્થા સાથે સંકલન કરી વ્યવસ્થા ગોઠવશે.

(૮) મંડળના હેતુઓ સિધ્ધ કરવા માટે જુથ સ્વૈચ્છિક સંસ્થાની / સરકારી એજન્ટની મદદ મેળવશે.

(૩) ભંડોળ

ભંડોળ નીચે જણાવેલ વિગતે ભંડોળ એકત્રીત કરી શકશે.

(૧) જુથના સભ્યો પાસેથી પ્રવેશ ફી / બચત ફી.
(૨) દાન મેળવીને.
(૩) સરકારી / અર્ધ સરકારી સંસ્થાઓ પાસેથી લોન / સહાય મેળવીને.
(૪) જાહેર વિભાગની બેંકો / સહકારી બેંકો / સ્વૈચ્છિક સંસ્થા પાસેથી લોન દ્વારા.

(૪) સભાસદ પદ

(૧) ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબ પૈકીના પુખ્ત વયની ઉંમરની વ્યકિત સ્ત્રી / પુરૂષ આ જુથના સભ્ય થઈ શકશે.
(૨) માનસિક રીતે અસ્થિર ન હોય તે સભ્ય થઈ શકશે નહી.
(૩) એક કુટુંબમાંથી એક જ સભ્ય થઈ શકશે.

(૫) સભાસદ બંધ કયારે થશે : –

(૧) બચત રકમ સતત ત્રણ માસ સુધી ન ભરવાથી.
(૨) રાજીનામું આપવાથી / મૃત્યુ થવાથી.
(૩) જુથની પ્રવૃત્તિઓ જુથના હિત વિરૂધ્ધનું વર્તન દાખવી જુથને નુકસાન પહોંચાડવાથી.
(૪) સભ્યપદ બંધ થતાં પહેલાં તેઓના સભ્યપદ દરમ્યાનની જુથમાં વ્યકિતગત અને સામુહિક રીતે સ્વીકારેલ જવાબદારીઓ જે તે સભાસદની ચાલુ રહેશે.

(૬) પ્રવેશ ફી : –

(૧) જુથના સભ્ય થવા પાત્રતા ધરાવતી વ્યકિત રૂા. ................ પ્રવેશ ફી આપવાથી સભ્ય થશે.
(૨) સામાન્ય સંજોગોમાં જુથના સભ્યોની સંખ્યા ૧૧ થી ૨૫ સભ્યોની રહેશે.

(૭) સભાઓ : – જુથના તમામ સભ્યોની સામાન્ય સભા ગણાશે.
જે તે જુથના નેતા પ્રમુખ / મંત્રીની નિમણુંક કરશે જે જુથનું વહીવટ અને હિસાબી કામકાજ સંભાળશે અને જરૂરી રેકર્ડ રાખશે અને સુપ્રત કરેલ અન્ય ફરજો બજાવશે. સામાન્ય સભા દર માસે ૧ વખત મળશે અને પ્રસંગોપાત જરૂરી ઠરાવો બહુમતીથી કરશે. ૨/૩ સભ્યોની હાજરી કોરમ ગણાશે. જે જુથની પ્રવૃત્તિની અને હાથ ધરેલ કામોની સમીક્ષા કરશે.

(૮) કાર્યવાહક સમિતિ : –

જરૂર જણાય તો સભ્યો પૈકીના પાંચથી સાત સભ્યોની કારોબારી સમિતિની રચના કરી શકાશે અને જરૂરી સત્તા અને કાર્ય ફરજો સોંપવામાં આવશે. કાર્યવાહક સમિતિમાં સહયોગી સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિને સભ્ય તરીકે સમાવેશ કરી શકાશે.

(૯) નાણાંકીય લેવડ – દેવડ : –

જુથના નામે રાષ્ટ્રીયકૃત બેંક / પોષ્ટ ઓફિસ / કે સહકારી બેંકમાં ખાતુ ખોલવામાં આવશે અને જેને સત્તા આપવામાં તેવા બે સભ્યોની સંયુકત સહીથી નાણાંકીય લેવડ – દેવડ કરી શકાશે. જરૂર જણાયે સહકારી / સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિની સહી લઈ શકાશે.

(૧૦) અન્ય : –

(૧) બંધારણમાં સુધારા – વધારા સામાન્ય સભામાં ઠરાવથી કરી શકાશે અને તેની જાણ ઠરાવ થયે દીન – ૧૫ માં નોંધણી અધિકારીને કરવામાં આવશે. અને તેઓની મંજૂરી મળેથી અમલમાં આવશે.

અમો પ્રતિજ્ઞાપૂર્વક જણાવેલ બંધારણની વિગતો સમજ્યા છીએ અને સ્વૈચ્છાએ સભ્યપદ સ્વીકારેલ છે. જેનું પૂરેપૂરૂ પાલન કરવાની ખાત્રી આપીએ છીએ. અમારૂ મંડળ નોંધણી કરવા અરજ સહ વિનંતી છે.

| અ.નં. | સભાસદનું નામ | ગામ | સહી |
| --- | --- | --- | --- |

| અ.નં. | સભાસદનું નામ | ગામ | સહી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |